# ટીકીટ વાંચ્છુઓ અને સમર્થકોના ધાડા : પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય પર ઉમટવા લાગ્યા

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય પર ટીકીટ વંચ્છુઓ અને તેમના સમર્થકોના ધાડા ઉમટવા લાગ્યા છે.

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણી ડીસેમ્બર ૨૦૧૨માં યોજાનારી છે. આ ચૂંટણી આડે હવે માત્ર સાડા ત્રણ મહીના જેટલો જ સમય બાકી રહ્યો છે. ગુજરાત કોંગ્રેસ દ્વારા આગામી ચૂંટણી માટેના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા આગામી મહીનાના અંતમાં હાથ ધરવામાં આનાર છે.

આગામી ચૂંટણી નવા સિમાંકન પ્રમાણે યોજાનારી હોઈ આ વખતે ઉમેદવારોની પસંદગી માટે પ્રદેશ કોંગ્રેસના નેતાઓએ રણનીતી બદલી છે. આ વખતે નવા સિમાંકન પ્રમાણે બદલાયેલી રાજકીય અને જ્ઞાતિ સમીકરણોની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા કોંગ્રેસ દ્વારા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગુજરાત કોંગ્રેસ દ્વારા આ વખતે આગામી ચૂંટણી જંગ જીતવા માટે છેલ્લા ૬ મહીનાથી ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કરતાં કાર્યકરોમાં એક ઉત્સાહ જાગવા પામ્યો છે. આ ઉપરાંત આ વખતે કોંગ્રેસે યુવા અને દરેક જિલ્લામાં એક મહિલાને ટીકીટ આપવાનો નિર્ણય લેતા કોંગ્રેસમાં ટીકીટ વાંચ્છુઓની દોડ લાગી છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અત્યારથી જ ટીકીટ વાંચ્છુઓ તેમના સમર્થકો સાથે પ્રદેશ નેતાગીરી સમક્ષ પોતાની દાવેદારી નોંધાવા માટે પ્રદેશ કાર્યાલય પર દોટ શરુ કરી છે. જેના કારણે સાંજના સમયે પ્રદેશ કાર્યાલય ટીકીટ વાંચ્છુઓ અને તેમના સમર્થકોથી ઉભરાય છે.

ગુજરાત કોંગ્રેસમાં આ વખતે દરેક વિધાનસભા બેઠક પર ૨૦થી વધુ ટીકીટ વાંચ્છુઓની દાવેદારીથી પ્રદેશ નેતાગીરી માટે આ વખતે ઉમેદવાર પસંદગીનો મામલો શિરદર્દ બની રહે તેવી શકયતાઓ સેવાઈ રહી છે. જો કે કોંગ્રેસની પ્રદેશ નેતાગીરી સ્વચ્છ પ્રતિભા ધરાવતા અને જીતી શકે તેવા ઉમેદવારોને જ પસંદ કરવા માટેનો ક્રાઈટ એરીયા નક્કી કર્યો છે પરંતુ ટીકીટ વાંચ્છુઓની સંખ્યા જોતા આ વખતે કોંગ્રેસ નેતાગીરીએ કેટલીક બાંધછોડ કરવી પડે તેવું કોંગ્રેસના નેતાઓ માની રહ્યા છે.



ગંદકીના ઢગની છબી બની ચુકેલાં કલોલને સાફ-સુતરું બનાવવાં તંત્ર દ્વારા કરવામાં આવતી કવાયતો બાદ પણ કલોલના ઘણા વિસ્તારોમાં ગંદકીનાં દશ્યો જોવા મળે છે. તો બીજી તરફ કેટલાંક વિસ્તારોમાં હજી પણ પસાર થતાં રાહદારીઓ તોબા પોકારી ઉઠ્યા છે. કલોલનાં અંબિકાનગર નજીક કોલેજની પાસેનાં ભગવતી કોમ્પલેક્ષની બાજુના વિસ્તારને સ્વચ્છ કરાવવાં સ્થાનિકો દ્વારા થયેલી અઢળક રજુઆતો બાદ પણ સ્થિતિ જેમની તેમ જ છે. જેમાં ચોમાસા દરમિયાન દૂષિત પાણીનો ભરાવો થાય છે. અને આજુબાજુનાં રહીશોમાં રોગચાળાનો ભય રહે છે. આ બાબતે સ્થાનિક પ્રજાજનોને વિનંતીઓ કરવામાં આવે છે. જેમાં ડી-૨ ભગવતી ફ્લેટમાં રહેતાં મુકેશભાઈ એફ. સોનીનાં જણાવ્યા મુજબ તેમણે કરેલી અનેક રજુઆતો છતાં કોઈ પગલાં લેવામાં આવેલ નથી.

(તસવીર : વિપુલ ચૌહાણ, કલોલ)

# પ્રદેશ ભાજપ આગેવાનોની મળનારી મહત્વની બેઠક : પ્રચાર પ્રસાર અંગેની વ્યૂહરચના ઘડાશે

## અરૂણ જેટલી બેઠકમાં ઉપસ્થિત રહેશે : પ્રચાર પ્રસાર સમિતિની રચના કરાશે

ગાંધીનગર, તા. ૧૮

આગામી વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર અને પ્રસારની રણનીતિ ઘડવા માટે એક મહત્વની પ્રદેશ ભાજપ આગેવાનોની બેઠક મળનારી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં મળનારી પ્રદેશ હોદ્દેદારોની બેઠકમાં ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અરૂણ જેટલી અને રાષ્ટ્રીય ઉપપ્રમુખ રૂપાલા પણ ખાસ ઉપસ્થિત રહેનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્તવિગતો મુજબ આવતીકાલે મળનારી આ બેઠકમાં ગુજરાતની વર્તમાન ભાજપ સરકાર સામે કોંગ્રેસ દ્વારા ભ્રષ્ટાચારના આક્ષેપો કરીને જે પ્રચાર અને પ્રસાર કરવામાં આવી રહ્યો છે તેને ખાળવા અને આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ચૂંટણી પ્રચારમાં કયા મુદ્દા રાખવા, કઈ રીતે ચૂંટણી પ્રચાર કરવો, પ્રચાર પ્રસાર માટે કેવી વ્યૂહરચના અપનાવવી એ અંગેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત આ બેઠકમાં ચર્ચા વિચારણા કર્યા બાદ પ્રચાર અને પ્રસાર માટેની વ્યૂહરચના ઘડી કાઢીને ક્યારથી રાજ્યમાં પ્રચાર અને પ્રસાર શરૂ કરવો એ અંગેનો પણ કાર્યક્રમ ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપના વિરોધીઓ દ્વારા કરવામાં આવી રહેલા અપપ્રચાર અંગે પણ વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને તેનો જવાબ આપવા માટેની પણ વ્યૂહરચના ઘડી કાઢીનેપ્રચાર પ્રસાર માટેની એક ઉચ્ચકક્ષાની સમિતિની રચના કરવામાં આવનાર હોવાનુંજાણવા મળે છે.

આ ઉપરાંત કેન્દ્ર સરકારના ભ્રષ્ટાચારો અને ગુજરાતને કરવામાં આવી રહેલા અન્યાય અંગેના મુદ્દાઓ અંગે પણ ચર્ચા વિચારણા કરીને આ મુદ્દાઓનો પણ પ્રચારમાં સમાવેશ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# કલોલમાંથી બે સંતાનો સાથે માતા ગુમ

કલોલ, તા. ૧૮

કલોલ શહેરમાં આવેલી ગીરીરા જસોસાયટીમાં રહેતી ૩૫ વર્ષિય પરિણીતા પોતાના બે સંતાનો સાથે ગુમ થઈ જતા ચકચાર મચી જવા પામી છે. ૩જી ઓગષ્ટે લક્ષ્મીબેન ઉર્ફે રેખાબેન જીતેન્દ્રભાઈ જોષી તેમના ૮ વર્ષિય હાર્દિક ઊર્ફે ગોટુ જોષી અને ૭ વર્ષિય વૃન્દા ઊર્ફે જીગુ જોષી બન્ને દિકરાઓને લઈને ઘરેથી આંગણવાડી જવાનુ કહીને ચાલ્યા ગયા હતા. તેઓ આજ દિન સુધી પરત ફર્યા નથી. પખવાડીયાથી લાપત્તા બનેલા માતા-પુત્રોને શોધવા પોલીસે જાણવા જોગ અરજીને આધારે દોડધામ શરૂ કરી છે.

# સઈજ રેલ્વે ટ્રેક પરથી યુવાનનો મૃતદેહ મળ્યો

કલોલ, તા. ૧૮

કલોલ નજીક સઈજ જીઆઈડીસી નાળા પાસે રેલ્વે ટ્રેક નજીકથી ગત રાત્રિએ ૩૫ વર્ષીય યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસને આ સંદર્ભે જાણ થતાં ઘટના સ્થળે આવી પહોંચી હતી અને તપાસ કરતાં મુળ બિહારના વતની અને હાલ રોલમેટલ કંપનીમાં નોકરી કરતાં મણીલાલ હરીલાલ શિવરામ પટેલનો મૃતદેહ હોવાનું બહાર આવ્યું છે. ટ્રેનની ટકકરથી યવાનનું મોત થયું હોવાની શકયતા પોલીસે વ્યકત કરી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

# સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટનો તેજસ્વી તારલા સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર ખાતે તા. ૯-૯-૧૨ના રોજ તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ષના સભ્યોના પાલ્યોએ તેમની માર્કશીટ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા માટેની વિગતો તા. ૨૦ ઓગષ્ટ ૧૨ સુધીમાં ટ્રસ્ટના જીલુભા ધાંધલ મો. ૯૮૨૪૦૨૯૯૦૨, ભૂપેન્દ્ર ગજ્જર મો. ૯૪૨૯૬૦૨૫૪૯, અનિલભાઈ હિંગુ મો. ૯૪૨૮૨૧૮૬૨૫ને પહોંચાડવાની રહેશે.

# આરટીઓની બનાવટી પહોંચ બનાવનારને જામીન ન મળ્યાં


અમદાવાદ, તા. ૧૮

આરટીઓની બોગસ પહોંચ બનાવી દંડના પૈસા ઘટાડવાનો પ્રયત્ન કરનાર આરોપીના જામીન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટે ફગાવી દીધા છે. આ સાથે જ કોર્ટે નોંધ્યું હતુ કે, આરોપી સામે ગુનો પુરવાર થાય છે ત્યારે આવા સંજોગોમાં આરોપીને જામીન પર મુક્ત કરવો યોગ્ય નથી.

શહેરના માધુપુરા વિસ્તારમાં ટ્રાફિક પોલીસે મહંમદ હાસીમ શેખની રીક્ષા જુદી જુદી કલમો હેઠળ કસુરવાર ઠેરવી દંડની પહોંચ આપી હતી. જે દંડ તેને આરોટીઓ કચેરીમાં ભરવાનો હતો. ટ્રાફિકના જે નિયમો ભંગની પોલીસે કલમ લગાવી હતી. તે અંતરગત ૨૦૦૦ સુધીનો દંડ થતો હતો પરંતુ આટલો દંડ આરોપીએ ભરવો ન હતો.

જેથી તેણે વિવિધ રીતે કલમો ઓછી કરી દંડની ઓછી રકમ કરવા પ્રયાસો કર્યા હતા. પરંતુ આ સમયે જ પોલીસે તેને ઝડપી લીધો હતો અને તેની સ્લીપ અને રીક્ષા જમા કરી લીધી હતી. આ ઉપરાંત બોગસ પહોંચ બનાવવાના ગુનામાં તેની ધરપકડ કરવામાં આવી હતી. આ ગુનામાં તેને જામીન માટે અરજી કરી હતી. જેમાં તેને જણાવ્યું હતુ કે, હું નિર્દોષ છું ખોટી રીતે સંડોવી દેવામાં આવ્યો છે, આ કોર્ટને જામીન આપવાની સત્તા છે અને કોર્ટ જામીન આપે તો તમામ શરતોનું પાલન કરવા માટે તૈયાર છું તેથી મને જામીન પર મુક્ત કરવો જોઈએ.જો કે, આ અરજીનો વિરોધ કરતા સરકારી વકીલે જણાવ્યું હતુ કે, આરોપી સામે ગંભીર પ્રકારનો ગુનો છે, જો જામીન પર મુક્ત કરવામાં આવે તો ફરીથી આ જ પ્રવૃત્તિ કરે તેવી શક્યતા રહેલી છે. તેથી તેને જામીન પર મુક્ત ન કરવો જોઈએ.બન્ને પક્ષની દલીલ સાંભળી આરોપીના જામીન કોર્ટે ફગાવી દીધા છે.

## શબ્દાવલી - ૪૮૧૯



**આડી ચાવી**

૧. ના કરવા છતાં કોઇ કામ કરવું, ઉપરીપણુ દાખવવું (૫)
૫. છૂટકારાનો દમ લેવો તેવો ઉદ્ગાર (૨)
૭. મમત, જીદ (૩)
૮. લાગ, તાકડો (૨)
૯. સ્થિર હોવું તે (૩)
૧૧. લાફો (૩)
૧૨. હિંદુ મહિનાનો દિવસ, મિતી (૨)
૧૩. ગરીબ હોવું તે (૪)
૧૫. પાનખર (૪)
૧૭. ભૂલ, ચૂક (૩)
૧૯. રોફ, રૂઆબદાર લાગે તેવું, ... પડે (૨)
૨૦. વરાળ (૨)
૨૧. મુડદાને દફનાવ્યું હોય તે જગ્યા (૩)
૨૨. દુનિયા, જગત (૩)

**ઊભી ચાવી**

૧. હાજરી (૪)
૨. રચયિતા, રચના કરનાર (૩)
૪. ...થી મસ ના થવું (૨)
૫. થોડી મારામારી જેવો ભાવ દર્શાવતો હિન્દી શબ્દ (૪)
૬. બળદગાડું (૩)
૧૦. રથ પર સવારી કરનાર (૨)
૧૧. જૂઠ્ઠું બોલવાની ટેવવાળો (૩)
૧૩. વીતી ગયેલ (૨)
૧૪. મનાવવું (૪)
૧૫. અરસપરસ (૪)
૧૬. જલ્દી, તુરંત (૨)
૧૮. શરાબ અને સુંદરી શરાબ અને... (૩)
૧૯. એડવોકેટ (૩)

### શબ્દાવલી ૪૮૧૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) વિરામ (૪) પ્રણ (૫) વાવ (૬) અસારીયો (૭) દાણ (૮) જતિ (૧૦) આસન (૧૧) નર (૧૨) દરવાન (૧૪) મરમ્મત (૧૬) અગમનિગમ (૧૮) નજર (૧૯) ભાર

**ઊભી ચાવી :-** (૧) વિવાદાસ્પદ (૨) રાવણ (૩) લાસા (૪) પ્રયોજન (૬) અવસાન (૯) તિર (૧૦) આવાગમન (૧૩) કરમ (૧૪) મગર (૧૫) તમ્મર (૧૬) અલી (૧૭) નિજ

# ઉચ્ચ શિક્ષણ કમિશનર ડૉ. જયંતિ રવિએ સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલની મુલાકાત લીધી

વલ્લભવિદ્યાનગર, તા. ૧૮

રાજયનાં ઉચ્ચ શિક્ષણ કમિશનર ડૉ. જયંતિ રવિએ શુક્રવારે ચારુતર વિદ્યા મંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલની સીવીએમ મુખ્યાલય ખાતે મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સીવીએમના અધ્યક્ષ ડૉ. પેટલે રાજયનાં વરિષ્ઠ આઈએએસ અધિકારીને તેમના જન્મદિવસ નિમિત્તે પુષ્પગુચ્છ અર્પણ કરીને શુભેચ્છા પાઠવી હતી.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ચોઈસ બેઝડ ક્રેડિટ સિસ્ટમ (સીબીસીએસ) ગુજરાતમાં દાખલ કરવામાં ચારુતર વિદ્યામંડળ થકી જે પહેલ અને સહયોગ આપવામાં આવ્યો તેમજ સરદાર પટેલ યુનિવર્સિટી સાથે સંકળાયેલાં તમામ કોલેજોના સંચાલક મંડળોનો તેમાં ટેકો પ્રાપ્ત થયો તે બદલ ડૉ. રવિએ આભારની લાગણી વ્યકત કરીને હવે પછી વિદેશોની યુનિ.ઓમાં અમલી એવા ઓનલાઈન મલ્ટીવર્સિટીના ખ્યાલને ગુજરાતમાં મૂર્તિમંત કરવા માટે સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલનો સહયોગ માંગ્યો હતો. ડૉ. પટેલે શિક્ષણક્ષેત્રે વિદ્યાર્થીઓના વિકાસની નવી ક્ષિતિજોને આંબવાની દિશામાં રાજય સરકાર નવતર પગલાં ભરવા તત્પર હોય તેને સંપૂર્ણ ટેકો આપવાની ખાતરી આપી હતી. તેમણે ઉપરોકત નવતર પ્રયોગની પહેલ સરદાર પટેલ યુનિ.થી કરવા માટે તૈયારી દર્શાવી હતી. ડૉ. પટેલે એવો વિશ્વાસ વ્યકત કર્યો હતો કે સમ. યુનિવર્સિટીની કોલેજો આ બાબતમાં સરકારશ્રી અને કુલપતિશ્રીને સહયોગ આપશે.

જિલ્લાની કોલેજોના આચાર્યોની સીવીએમ સંચાલિત બીજેવીએમના યજમાનપદે યોજાયેલી બેઠકને સંબોધવા માટે શ્રીમતી રવિ વલ્લભવિદ્યાનગર પધાર્યા હતા. આ પહેલાં સીવીએમના અધ્યક્ષ ડૉ. પટેલ સાથેની મુલાકાત વખતે ચારુતર વિદ્યામંડળના માનદ કાર્યકારી મંત્રી પ્રિ. શનુભાઈ પટેલ, સરદાર પટેલ સંશોધન સંસ્થા-સેરલિપના નિયામક પ્રા. હરિ દેસાઈ, આણંદ લૉ કોલેજના આચાર્યા પ્રિ. અપૂર્વ પાઠક, પેટલાદ કોલેજના આચાર્ય ડૉ. વિમલ જોશી, બીજેવીએમના આચાર્ય ડૉ. રતિશ કક્કડ વગેરે મહાનુભાવો ઉપસ્થિત હતાં.

# સરદાર સરોવર બંધનો ભવ્ય નઝારો નિહાળવા પ્રવાસીઓનો ધસારો

ગાંધીનગર, તા. ૧૮

'ખૂશ્બુ ગુજરાત કી' ના એડ કેમ્પેઈન અને દેશનાં મોટા શહેરોમાં રોડ શો યેજીને ગુજરાતના પ્રવાસન સ્થળોનો પ્રચાર કર્યા પછી હવે ગુજરાતનો પર્યટન વિભાગ હાલમાં સરદાર સરોવર બંધ તથા સાપુતારામાં જોવા મળી રહેલા પ્રવાસીઓના ભારે ધસારાને પહોંચી વળવામાં વ્યસ્ત છે. છેલ્લા પાંચ દિવસમાં સરદાર સરોવર બંધ અને કેવડિયા કોલોનીની મુલાકાતે આશરે ૧.૪૧ લાખ જેટલાં પ્રવાસીઓ આવ્યા હતા અને પ્રવાસન વિભાગના અધિકારીઓએ તેમને મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવામાં કોઈ કચાશ રાખી ન હતી. સાથે સાથે પ્રવાસન વિભાગે આજથી કેવડિયા કોલોનીના પ્રવાસ માટેના ખાસ એક-દિવસીય પેકેજ માત્ર રૂા. ૮૫૦ ના દરે અમદાવાદથી શરૂ કર્યું છે.

કેવડિયા કોલોની ખાતે આવતાં પ્રવાસીઓની સંખ્યામાં રોજબરોજ વધારો થઈ રહ્યો છે અને સપ્તાહનાં અંતે આવતા રજાઓમાં તો એક જ દિવસે આવતાં પ્રવાસીઓનો આંક આશરે ૪૫,૦૦૦ની સપાટીએ પહોંચી જાય છે. ચાલુ સપ્તાહના અંતે તો ગુજરાત ટુરિઝમ દ્વારા શરૂ કરવામાં આવેલ પેકેજના કારણે આ સંખ્યા નોંધપાત્ર પ્રમાણમાં વધે એવી શક્યતા છે. આ પેકેજમાં કેવડિયા કોલોનીના આકર્ષક પર્યટન સ્થળો જેવા કે સરદાર સરોવર બંધ અને તેના પરથી નર્મદાના પાણીનો ઓવરફલો, બંધના સ્થળે ચાલતાં બાંધકામના સ્થળ, નવા વિકસાવવામાં આવેલ વ્યુ પોઈન્ટ્સ, જળાશળ અને તેની આસપાસ આવેલા કુદરતી સૌંદર્યથી ભરેલાં સ્થળો, ગોડબોલે ગેટ, નર્મદા મુખ્ય નહેરના હેડ રેગ્યુલેટર, થુળપાનેશ્વર મંદિર, પંચાવટી બાગ અને ગરુડેશ્વરના મંદિરની મુલાકાતનો સમાવેશ થાય છે. નવા વિકસાવવામાં આવેલ વ્યુ પોઈન્ટ્સ કુદરતી સૌંદર્યના નઝારાને ભરપૂર રીતે માણવાની તક આપે છે, ત્યારે બંધના સ્થળે સ્થાપવામાં આવેલ વિવિધ ફુડ કોર્ટ્સ સ્વાદિષ્ટ વાનગીઓનો રસથાળ પીરસે છે.

પેકેજનાં દરમાં ૫૦૦ કિલોમીટરના પ્રવાસ ખર્ચ, સવારનો નાસ્તો તથા બપોરના ભોજનનો ખર્ચ સમાવિષ્ટ છે. આ પ્રવાસ દર શુક્રવારે, શનિવારે તથા રવિવારે યોજવામાં આવશે અને પ્રવાસ માટેની બસ સવારે ૬ કલાકે ટુરિઝમ કોર્પોરેશન ઑફ ગુજરાત લિમિટેડની ગાંધી આશ્રમની સામે આવેલી કચેરીએથી ઉપડશે.

માત્ર પ્રવાસીઓ જ નહીં પરંતુ કેવડિયા કોલોની ખાતે રોજેરોજ આવતી કારની સંખ્યા પણ ૭,૫૦૦ જેટલી ઊંચી જાય છે અને પ્રવાસન વિભાગ દ્વારા પ્રવાસીઓને કોઈ અડચણ ન પડે તે હેતુથી પાર્કિંગની પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે અને સાથે સાથે કામચલાઉ ટોઈલેટ પણ વિવિધ સ્થળોએ ઊભા કરવામાં આવ્યા છે.

# રેઈન વોટર હાર્વેસ્ટીંગ

આપણે ત્યાં વરસાદ આવે કે તુરત જ ચારેબાજુ પાણી ભરાઈ જાય... ક્યાંક ખાડા, ખાબોચિયામાં પાણી લાંબો સમય બંધિયાર હાલતમાં પડ્યુ રહે, ને પછી મચ્છરો ને ગંદકી ને સાથે બોનસમાં મળે લોકોને બિમારી.... આપણુ અમૂલ્ય વરસાદી જળ આ રીતે વેડફાઈ જાય.... વરસાદનો સ્વભાવ છે ધરતીને પાણીથી તરબોળ કરવી... આપણી ચોક્કસ પ્રકારની જાગૃતિને અભાવે વરસાદ પછી ચારેબાજુ બિમારી, રસ્તાની વિકટ સમસ્યા, ગંદકી ને, બીજુ ઘણુ બધુ...

પાણીની વાત આવે ત્યારે આપણે ઈઝરાયેલ જેવા દેશોના દાખલા લઈ મોટા બણગાં ફુંકીએ છીએ પણ આપણું શું ? આપણે ઘરમાં નળ ચાલુ કરીએ ને ચોવીસ કલાક પાણી મળે એટલે બસ ! નવા નવા બોર કરીને ધરતીનું બધુ જ પાણી ઉલેચી લેવાનું... સામે આપવાનું કશું જ નથી... જો આ જ પરિસ્થિતિ ચાલુ રહી તો એ સમયે એવો આવશે કે ધરતીમાં પાણી જ નહીં રહે...પાણી વિના આપણે કરીશુ શું ? એક વર્ષ પણ દુષ્કાળ રહ્યો તો પાણી માટે... અરે પીવાના પાણીના પણ આપણે વલખા મારીશું... સૌરાષ્ટ્ર ને કચ્છ જેવા સૂકા પ્રદેશોના અંતરિયાળ ગામડાંઓમાં ભર ઉનાળે પાણી વિના જીવવું એ દુષ્કાળ જેવી જ પરિસ્થિતિ છે, સારૂ ચોમાસુ હોવા છતાં, ઉનાળો આવે ને પાણી માટે ફાંફાં... પાણીને બચાવવા એ જન સામૂહિક જાગૃતિ ક્યારે આવશે ? આપણે પાણીને બચાવીશુ તો પાણી આપણને બચાવશે ને...!!!

આજકાલ વરસાદની મોસમ ચાલે છે. જાણે વહેવાની મોસમ. પણ આ વખતે મેઘરાજા થોડા નારાજ હોઈ એવું લાગે છે ગુજરાતમાં. ગુજરાતમાં સાતથી આઠ જિલ્લાઓમાં આ વખતે હજુ સુધી વરસાદના વધામણા નથી થયા. સમાજ વરસાદને ખુબ વધાવે છે.... શ્રાવણ મહિનો એટલે આપણે ત્યાં ધર્મનો મહિનો. પૂજા, ભક્તિ, તહેવારો, સંગીત, ભજન બધું જ જાણે શ્રાવણમાં. પહેલા વરસાદે તો ધરતીપુત્રો મોજમાં આવી જાય.

પરંતુ, જ્યારે વરસાદ આવે નહી, ઓછો આવે કે દુષ્કાળ પડે ત્યારે શું ? આપણી પાસે જલસંચયની કોઈ વ્યવસ્થા ખરી ? બધા જ લોકો નિરાશાભરી નજરે આકાશ સામે મીટ માંડીને બેસી રહે... લાચાર બની... છેલ્લા દસ વર્ષમાં ગુજરાતમાં ખુબ સારો વરસાદ પડ્યો. પરંતુ આ સાલ મેહુલો મન મુકીને નથી વરસ્યો... કહેવાય છે કે 'અભાવ' માણસને ઘણુ શીખવે... તામિલનાડુના એક શહેરમાં પાણીનો મસમોટો પ્રશ્ન ઉદ્‌ભવેલો... એ સમયે ત્યાના પ્રશાસને વરસાદી પાણીને બચાવવાનો, તેના સંચયનો નિર્ણય કર્યો. 'રેઈન વોટર હાર્વેસ્ટીંગ' મતલબ વરસાદી પાણીનો સંગ્રહ કરવો. દરેક ઘર, ઓફિસ, બિલ્ડીંગ્સ, બનાવવામાં આવે તે પહેલા જ 'રેઈન વોટર હાર્વેસ્ટીંગ' માટે જમીનમાં પાણીના સંગ્રહ માટે ટાંકા બનાવવા.

ત્યાંની કલેક્ટર કચેરી હોય કે પોલીસ સ્ટેશન હોય કે કોઈ ખાનગી સંસ્થા દરેક જગ્યાએ રેઈન વોટર હાર્વેસ્ટીંગ ફરજિયાત... તામિલનાડુના આ શહેરમાં પ્રસાશને જ્યારે શરૂઆત કરી આ નવા ખયાલની ત્યારે એટલો રિસ્પોન્સ પબ્લીક તરફથી નહોતો મળ્યો. પરંતુ પ્રસાશને થોડા આકરાં પગલાં ભરીને આ સિસ્ટમ ફરજિયાત બનાવી દીધી. મતલબ કે તમે નવું ઘર બનાવો તે પહેલા 'રેઈન વોટર હાર્વેસ્ટીંગ'ની કોઈ વ્યવસ્થા ન કરો તો, તમારા પાણીના કનેક્શન કટ... વીજળીના કનેક્શન કટ....ને સુએજ પણ...

આનો ચમત્કાર થયો કે આખુ શહેર પાણી પાણી.... શહેરના પાણીનું લેવલ પહેલાં ૬૦૦ થી ૭૦૦ ફુટ જમીનમાં ઉંડુ હતુ તે આ પ્રયોગના કારણે ૬ થી ૭ ફૂટ આવી ગયું...! ને ક્યારેક તો જમીનમાં ખાડો ખોદો ને પાણી... ચારેબાજુ જમીનમાં પાણી... આ બધો ચમત્કાર ત્યાંના એક મહિલા આઈએએસ અધિકારી અને સરકારના સંયુક્ત પ્રયાસોથી થયો.

ગુજરાતમાં પણ આ પ્રકારની વ્યવસ્થા લાવવાની જરૂર છે. સૌરાષ્ટ્ર ને કચ્છ જેવા વિસ્તારમાં પાણીની સતત તંગી રહે છે. સ્ત્રીઓનો જિંદગીનો અમૂલ્ય સમય પાણી ભરવામાં જતો રહે છે. અમૂક છેવાડાના ગામડાઓમાં પાણી એ મોટી સમસ્યા છે. આ સમસ્યાઓએ ઘણીવાર ગૃહિણીઓ વચ્ચે બેડાયુદ્ધ કરાવ્યું છે. ક્યારેક મામલો પોલીસ સ્ટેશન સુધી પહોચ્યો છે. મતલબ પાણી માણસને પોલીસ સ્ટેશન દેખાડે છે. ગુજરાતના ઘણાંખરા વિસ્તારમાં પાણીના સ્તર નીચા ગયા છે. ખેડૂતો, ગૃહિણીઓ પાણી માટે વલખા મારે એવા વિસ્તારો પણ ગુજરાતમાં છે.

આપણે ત્યાં સારો વરસાદ પડે ત્યાં સુધી બધું સારૂ. પણ મેઘો રૂઠે ત્યારે શું ? લમણે હાથ દઈ બેસી રહેવાનું... ધન્ય છે નર્મદા મૈયાને કે ગુજરાતને પાણીનો વહાલ વરસાવે છે બારેમાસ. પરંતુ જાગૃત તરીકે આ 'રેઈન વોટર હાર્વેસ્ટીંગ'નો વિચાર અપનાવવા જેવો ખરો. મુંબઈ જેવા વરસાદી વિસ્તારોમાં પણ અમુક જાગૃત મુંબઈગરાઓએ આ પ્રકારના વરસાદી પાણીના સંગ્રહના પ્રયોગો કર્યા છે. મોટી ઈમારતો બંધાતા પહેલા જ ટાંકાઓની વ્યવસ્થા ભુગર્ભમાં કરીને, બાદમાં વરસાદ આવે ત્યારે છતનું તમામ પાણી શુદ્ધ કરી પાઈપ મારફતે ટાંકાઓમાં સંગ્રહી દેવાનુ. અને એ પાણી વપરાશના પાણી તરીકે ઉપયોગમાં લેવાનું... પીવાના પાણીની તંગદિલી થાય તો આ જ પાણીનું આર.ઓ. દ્વારા શુદ્ધિકરણ કરીને પીવાનુ... છે ને ટનાટન આઈડીયા...

જળ એ જીવન છે. જળશક્તિ એ પ્રાણ શક્તિનો આધાર છે. આપણા મોટાભાગના શહેર નદીકિનારે વિકસ્યા છે.... ઈતિહાસ એની સાક્ષી પુરે છે. મુંબઈ જેવા શહેરો જો જળશક્તિનો આટલો આદર કરી ત્યાંના એપાર્ટમેન્ટના રહિશો દ્વારા પાણી બચાવવા આટલાં સુંદર પ્રયોગો થતા હોય તો આપણે પણ આ જ વસ્તુ આપણી આસપાસ અમલમાં મૂકી શકીએ.

'રેઈન વોટર હાર્વેસ્ટીંગ' બાબતે જુવાનીયાઓ જાગૃત બનીને ઝુંબેશ ઉપાડે તો ગુજરાતમાંપણ ઘણા સારા પરિણામ મળી શકે. ગુજરાતના અછતગ્રસ્ત વિસ્તારો પણ આ પદ્ધતિ અપનાવી પાણીની સમસ્યાનો ઉકેલ લાવી શકે.. ગુજરાતમાં ચેકડેમોના કારણે અદ્‌ભુત જલક્રાંતિ થઈ છે... જનતા આ જલક્રાંતિને વધાવે તો ગુજરાતમાં ચારેબાજુ પાણી જ પાણી... ઘર, મહોલો, ઓફિસ બધે જ આ જળઝુંબેશ જેમ શાંત, સલામત અને વિકસિત ગુજરાતની છાપ છે... એ જ રીતે પાણીદાર ગુજરાત... ચલો સૌ સાથે મળીને જલશક્તિને વધાવીએ...ને ગુજરાતને અછતગ્રસ્ત પરિસ્થિતિમાંથી ઉગારીએ.

# ભાજપ યુવા મોરચાનું આજથી યુવા સંમેલન

અમદાવાદ, તા. ૧૮

ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલા તેમજ પ્રદેશ મહામંત્રી હિતેશ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગુજરાત વિધાનસભાની આગામી દિવસોમાં યોજાનાર ચૂંટણીમાં નવોદિત મતદારોને ભારતીય જનતા પાર્ટીની મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સરકારના યુવા વિકાસલક્ષી કાર્યક્રમો અને કાર્યોથી અવગત કરવા સમગ્ર રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર વિજય વિશ્વાસ યુવા સંમેલન યોજવાનું આયોજન કરેલ છે. આ આયોજનનો પ્રારંભ તા. ૧૯ ઓગસ્ટના રોજ પાંચ વિધાનસભા ક્ષેત્રથી કરવામાં આવશે. તેઓએ આ અંગેની વિગતોમાં જણાવ્યું છે કે તા. ૧૯ ઓગસ્ટના રોજ પાંચ વિધાનસભા ક્ષેત્રો મહેસાણા જિલ્લામાં વિજાપુર ખાતે કચ્છ જીલ્લામાં રાપર ખાતે, દાહોદ જિલ્લામાં દાહોદ વિધાનસભામાં, બનાસકાંઠા જીલ્લામાં દિયોદર વિધાનસભામાં અને જુનાગઢ જિલ્લામાં વિસાવદર ખાતે વિશ્વ વિશ્વાસ યુવા સંમેલન યોજાશે.

## કંપની સમાચાર

# બ્રિટાનિયાની આવકમાં ૧૨ ટકા અને ચોખ્ખા નફામાં ૧૮.૪ ટકાની વૃદ્ધિ

ભારતની ટોચની ફૂડ કંપની બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ લિ.એ તા. ૩૦ જૂન, ૨૦૧૨નાં રોજ પૂરા થયેલા પ્રથમ કવાર્ટરનાં અંતે રૂ. ૧૩૪૮.૨ કરોડની આવકો અને રૂ. ૪૬.૫ કોડનો ચોખ્ખો નફો નોંધાવ્યા છે. જે અનુક્રમે ૧૨ ટકા અને ૧૮.૪ ટકા વૃદ્ધિ સૂચવે છે.

બ્રિટાનિયાની સ્ટેન્ડઅલોન રેવન્યુમાં ૧૨ ટકાની વૃદ્ધિ નોંધાઈને રૂ. ૧૨૨૧.૬ કરોડની થઈ છે.

મેનેજિંગ ડાયરેકટર સુશ્રી વિનિતા બાલીએ જણાવ્યું હતું કે, 'અમે રેવન્યુ મેનેજમેન્ટ, કોસ્ટ મેનેજમેન્ટ અને ઈનોવેશન જેવા અગ્રિમતાના વિસ્તારો પર ધ્યાન આપીને અમારી તમામ કેટેગરીઓ જેમકે બિસ્કીટસ, બ્રેડ, કેક, રસ્ક અને ડેરીમાં કામગીરીની અસરકારકતા વધારી છે.'